# મોડાસા સહયોગ બાયપાસ ચાર રસ્તા પર સર્કલના અભાવે મહિલાનું અકસ્માતમાં કરૂણ મોત

મોડાસા, તા. ૩૧
મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર વારંવાર સર્કલ બનાવવાની બનાવવાની તાતી જરૂરીયાત અને વારંવાર અકસ્માત થતા હોઈ થોડા દિવસ અગાઉ આ અંગે ગાંધીનગર




માંગ શહેરના જાગૃત નાગરિકો દ્વારા કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા સર્કલ બનાવવાનું મુનાસીબ ન માનતા બુધવારે સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલના અભાવે એક્ટીવા સ્કૂટર અને અલ્ટોકાર વચ્ચે અકસ્માત થતા એક નિર્દોષ મહિલાએ જાન ગુમાવવો પડ્યો હતો. મોડાસા સહયોગ બાયપાસ ચોકડી પર સર્કલ સમાચારમાં પ્રકાશીત કરવામાં આવ્યા હતા તેમ છતાં તંત્રના પેટનુ પાણી ન હલતા લોકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

મોડાસા શહેરના સહયોગ બાયપાસ રોડ પર આવેલી નવી પોલીસ લાઈનમાં રહેતા અને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા લક્ષ્મણભાઈ દેવજીભાઈ કટારાની પુત્રી કીર્તિબેન અને તેમના પત્નિ સુરેખાબેન ભિલોડા ખાતે જાતી અંગેનું પ્રમાણપત્ર લઈ ઘર તરફ એક્ટીવા (ગાડી નં. જીજે૩૧. ઈ. ૦૬૮૦) લઈ સહયોગ બાયપાસ ચોકડી નજીકથી પસાર થતા સર્કલના અભાવે પૂર ઝડપે ગફલતભરી રીતે હંકારી આવતા અલ્ટોકાર (ગાડી નં. જીજે.૩૧.એ.૫૪૭૩)ના ચાલકે એક્ટીવાને ટક્કર મારતા એક્ટીવા ચાલક કીર્તિબેન અને તેની માતા સુરેખાબેન રોડ પર પટકાઈ ગયા હતા. સુરેખાબેનના માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે કીર્તિબેનના શરીરના ભાગે ઈજાઓ પહોંચતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા ટાઉન પોલીસ ફરાર અલ્ટોકાર ચાલક વિરૂદ્ધ અકસ્માતે મોત નિપજાવવાનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## સામાન્ય રીતે માઈક વગાડવા મામલતદારની મંજૂરી, જ્યારે ડીજેમાં કાયદાની એસીતૈસી

ધાનેરા, તા. ૩૧
સરકારના કાયદા પ્રમાણે નાના કાર્યક્રમમાં માઈક વગાડવા પરમીશન લેવી પડે છે. જ્યારે અતિશય અવાજવાળા ડીજે સ્પીકરો મુકી ભરબજારમાં ફરતા ડીજેવાળાઓને કેમ કાયદો લાગતો નથી? વળી લગ્નગાળાની સિઝનના લાભ લઈને મનફાવે તેવી રીતે લોકો પાસેથી નાણાં વસુલી ખુલ્લેઆમ લૂંટ ચલાવી રહ્યા છે. આ બાબતે આ વિભાગના જે તે અધિકારીઓ તપાસ કરી વગર પરમીશનથી ચાલતા ડીજે પર કાયદાનુ પાલન કરાવશે તેવી લોકોની માંગ છે. મામલતદાર ડીજેવાળાઓને કાયદાનું પાલન કરાવશે કે પછી...



## ધાનેરા હોમગાર્ડ કમાન્ડર દ્વારા થતી મનમાની અને ચાલતો મોટો ભ્રષ્ટાચાર

પોલીસતંત્રની મદદ માટે હોમગાર્ડ એક મુળ મુખ્ય ભૂમિકા છે પરંતુ ધાનેરા ખાતે હોમગાર્ડ ખાતામાં મોટો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેવુ જાણવા મળેલ છે. હોમગાર્ડમાં હાલ નવી ભરતી થતા હોમગાર્ડ જવાનોને બંદોબસ્ત ડ્યુટી મળતી નથી અને લાગવગ અને સગા-વહાલાઓની નીતિ અપનાવીને તેઓને જ લાભ આપવામાં આવે છે. વળી અમુક જવાનોની ફક્ત રેકર્ડ પર હાજરી હોવાનુ જોવા મળેલ છે. પ્રાઈવેટ ધંધો અને પોતાના ફરજની ડ્યુટી સાથે ચાલતી જોવા મળી રહી છે. જેમાં કમાન્ડર દ્વારા કમીશનોની ટકાવારી લેવામાં આવે છે એવુ લોકો દ્વારા જાણવા મળેલ છે. આ બાબતે જિલ્લા હોમગાર્ડ કમાન્ડર તપાસ કરશે અને લાલ આંખ કરી હોમગાર્ડ ખાતુ વધુ બદનામ ના થાય તેની નોંધ લેવા વિનંતી છે.

# ભાણપુર ગામના મુદ્દે રાજ્યપાલ સહિત વિરોધ પક્ષને રજુઆત

મહેસાણા, તા. ૩૧
મહેસાણાના વિજાપુર તાલુકાના ભાણપુર ગામમાં ચૂંટણીની અદાવત રાખીને સ્થાનિક લોકોના ખેતર માં રહેલા ઘાસ સહિતના પૂળા અને અન્ય ચીજો અજાણ્યા શખ્સો આગ ચાપી જવાના બનાવે ભારે ચર્ચા જગાવી છે. જ્યારે આ મામલે હાલમાં સ્થાનિક રહીશોએ યોગ્ય તપાસની માંગ તો કરી છે સાથે આ મામલે રાજ્યપાલ સહિત વિરોધ પક્ષ અને અન્ય લોકોને રજુવાત કરતા હાલમાં પોલીસ હરકતમાં આવી છે.

તાજેતરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં મહેસાણાના વિજાપુર તાલુકાના ભાણપુર ગામમાં જૂની અને ચુંટણીની અદાવતમાં ગામના ખેતરોમાં આગ ચાંપવાના બનાવમાં ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જેને લઈને હાલમાં આ મુદ્દો આ ગામ માટે ભારે ચર્ચાના એરણે ચડ્યો હતો. જે મામલે મહેસાણાના વિજાપુર પોલીસ સ્ટેશન બે વખત આગ ચાંપવા સહિતના મુદ્દે ફરિયાદ કરવામાં આવી છે. જેમાં એક લાખથી વધુનુ નુકશાન થવા મુદ્દે પણ ફરિયાદ આપ્યા બાદ પોલીસની કામગીરી શકમંદ રહી હતી. જ્યારે બીજી વાર આગ ચાપતા આ ગામના રહીશોએ વિજાપુર પોલીસ મથકમાં મહિલાઓ સાથે હલ્લો બોલાવ્યો હતો અને ગંભીર આક્ષેપમાં ચૂંટણીની અદાવત રાખીને ખેતરમાં રહેલા અનાજને અજાણ્યા શખ્સો બાળી નાખે છે તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. જ્યારે હાલમાં આ મુદ્દે બે ફરિયાદ દાખલા થઈ હોવા છતાં પણ કોઈ કાર્યવાહી ન કરતા આજે સ્થાનિક રહીશો એસ.પી. કચેરી મહેસાણા આવીને પોલીસવડાને આવેદન આપીને યોગ્ય તપાસની માંગ કરી હતી. જ્યારે સ્થાનિક રહીશોએ રાજપાલ અને વિરોધ પક્ષના નેતાને પણ આ બાબતે રજુવાત કરીને યોગ્ય તપાસની માંગ મંગળભાઈ પટેલ દ્વારા રજુવાત કરવામાં આવી હતી.



## મહેસાણા ફાયર સ્ટેશનથી આજે ફાયર પરેડનુ આયોજન કરાયું

આગમી સમયમાં ગુજરાતમાં વરસાદની પધરામણી થશે. ફાયર બ્રિગેડનુ કામ વધુ તેજ બનશે. ત્યારે મહેસાણામાં આજે તેજ ફાય બ્રિગેડ દ્વારા આજે મહેસાણા નગરપાલિકાની ફાયરસ્ટેશનથી ફાયરના તમામ વેહિકલની મહેસાણા સીટી ખાતે એક પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ટેન્કરો આગને કાબુમાં લેવાના અને પૂરના સમયે પાણીમાં ચાલવા માટે બોટ સહિતના સાધનોએ પરેડ કરીને લોકોને અવગત કરાયા હતા. આ પરેડ મહેસાણાના જુદા જુદા વિસ્તારમાં ફરી હતી. તાજેતરમાં મહેસાણા ફાયર સ્ટેશનના કર્મચારીઓએ ઘણી જગ્યા પર આગ કાબુ લેવાનું કામ કર્યું છે.

## ધાનેરામાં ફરી એકવાર લાયન્સ ક્લબ દ્વારા વિદ્યાર્થી માર્ગદર્શન સેમિનાર યોજાયો

ધાનેરા લાયન્સ ક્લબ દ્વારા આ વર્ષે લાયન્સ ક્લબના પ્રમુખ રમેશભાઈ ઠક્કર દ્વારા તેમજ તેમની ટીમ દ્વારા લોકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી કાર્યો કરી રહી છે. આ પહેલા પણ લાયન્સ ક્લબે વિદ્યાર્થી માટે માર્ગદર્શન શિબિર રાખી નિઃશુલ્ક માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ અને ધો. ૧૦ અને ૧૨ પછી શુ, જે માટે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ આઈસીટીના ટ્રેનર ધિરજભાઈ પુજારા દ્વારા માર્ગદર્શન શિબિર રાખવામાં આવેલ.

## બામણા ડી.એમ.બી.પી. હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ઝળક્યા

ભિલોડા,તા.૩૧
મુર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમી ઉપર આવેલ બામણા ગામમાં ડી.એમ.બી.પી. હાઈસ્કુલ એસ.એસ.સી. ૮૭ ટકા અને એચ.એસ.સી. ૯૨.૩૧ ટકા જવંલત પરીણામ આવતા વિદ્યાર્થીઓએ બામણા હાઈસ્કુલનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ પ્રમુખ ચીમનભાઈ પટેલ, મંત્રી જગદીશભાઈ જોષી, કારોબારી સભ્યો, હોદ્દેદારો, આચાર્ય આર.ડી.પટેલ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે.




એસ.એસ.સી. બોર્ડ ધ્વારા તાજેતરમાં લેવાયેલ ધોરણ.૧૦ ની પરીક્ષામાં ઉમંગી મુકેશભાઈ બામણીયાએ ૯૪.૪૭ પી.આર. અને આકાશ અમૃતભાઈ અસારી ૯૪.૪૭ પી.આર.મેળવી અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, આર.જી.બારોટ એજ્યુંકેશન કેમ્પસ ડાયરેક્ટર મિતુલભાઈ બારોટ, દેવાંગભાઈ બારોટ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# મોડાસાના ફરેડી ગામે શિવજી મંદિરના મહંતની મંદિરના ગર્ભગૃહમાં આત્મહત્યા

મોડાસા, તા. ૩૧
મોડાસા તાલુકાના ફરેડી ગામે આવેલા સોમનાથ મંદિરમાં પૂજારી તરીકે સેવા આપતા પૂજારીએ મંદિરના ગર્ભગૃહમાં આવેલા શીવલીંગ પર લટકતી સાંકળ સાથે કપડાના સહારે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મહંતે આત્મહત્યા કરી લેતા પરીસરમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. પૂજારીએ આત્મહત્યા કયા કારણોસર કરી તે ઘુંટાતુ રહસ્ય છે.

### ફરેડી ગામના સરપંચે પૂજારીની આત્મહત્યા અંગે જણાવ્યા અનુસાર

વિજયભાઈ પૂજારી બે વર્ષથી સોમનાથ મંદિરમાં મંદિર નજીક રહેલી રૂમમાં રહી સેવા-પૂજા કરતા હતા. પરંતુ ગામલોકો પાસેથી જાણવા મળ્યા મુજબ પૂજારી પાછલા દસ-પંદર દિવસથી માનસીક અસ્વસ્થ જણાતા હતા અને કદાચ માનસીક અસ્વસ્થાના લીધે આત્મહત્યા કરી લીધી હોય તેવુ પુરતુ લાગી રહ્યુ છે. પૂજારી ક્યાના હતા એ લોકોને ખબર નથી.



મોડાસા તાલુકાના ફરેડી ગામે આવેલા સોમનાથ મંદિરમાં છેલ્લા બે વર્ષથી સેવા-પૂજા કરતા વિજયભાઈ નામના પૂજારીએ મંગળવારે અગમ્ય કારણોસર મંદિરના ગર્ભગૃહમાં રહેલા શિવલીંગ પર લટકતી સાંકળ સાથે લાલ કલરનુ કપડાનુ પંચીયુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મંદિરના દર્શનાર્થે જતા ગામલોકોને મંદિરમાં પૂજારી જોવા ન મળતા મંદિરમાં તપાસ કરતા ગર્ભગૃહમાં ફાંસો ખાધેલી મૃત હાલતમાં મળી આવતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. મોડાસા રૂરલ પોલીસે રમેશભાઈની ફરીયાદના આધારે આત્મહત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## શાળાનું ગૌરવ

ટ્રિનિટી સેકન્ડરી સ્કૂલ, તલોદ માર્ચ-૨૦૧૭માં લેવાયેલ એચ.એસ.સી. પરીક્ષાનું પરિણામ ૬૯.૩૩ ટકા આવેલ છે.

શાળામાં પ્રથમ ક્રમે શાહ શિવમ જી. ૯૭.૩૩ પીઆર, દ્વિતીય ક્રમે પટેલ ધૈર્ય બી. ૯૭.૦૬ પીઆર, તૃતીય ક્રમે મકવાણા પિનલ પી. ૯૬.૭૭ પીઆર પ્રાપ્ત કરેલ છે. એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ સર્વે વિદ્યાર્થી ભાઈ-બહેનોને શાળાનો સ્ટાફ તથા સંચાલક મંડળ અભિનંદન પાઠવે છે.

## મહેસાણા જિલ્લાના પ્રભારીની નિમણૂક કરાઈ

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા તાજેતરમાં મહિલા



પ્રભારીઓની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં મહેસાણાના પ્રભારી તરીકે ગાંધીનગરના કોર્પોરેટર પીન્કીબેન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણીને ધ્યાને લઈ જિલ્લાઓના પ્રભારીની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં મહેસાણા જિલ્લાના પ્રભારી તરીકે ગાંધીનગર પાલિકામાં સતત વોર્ડ નં. ૬ના સીટીંગ કાઉન્સીલર પીન્કીબેન પટેલની નિમણૂંક કરવામાં આવી છે. પિન્કીબેનની મહેસાણા જિલ્લા પ્રભારી તરીકે નિમણુંક થતા કાર્યકરોમાં ખુશીની લાગણી પ્રવર્તી છે.

## ધાનેરામાં ચાલતી લાયસન્સ વગરની રીક્ષા ચાલકો પર પાલિકાતંત્ર લાલ આંખ કરશે ?

### શહેરની ઓટો રીક્ષાને પોલીસ સ્ટેશનમાં નોંધ જરૂરી

ધાનેરામાં રીક્ષાચાલકોનો રાફડો ફાટ્યો છે. જેમાં નાની ઉંમરના રીક્ષાચાલકો લાયસન્સ વગર રીક્ષા ચલાવી રહ્યા છે અને મુસાફરો પાસેથી મરજી મુજબના ભાવ લઈ રહ્યા છે. સમય અને સંજોગો જોતાં ધાનેરામાં રીક્ષાચાલકોની રીક્ષાની ડિટલ વિગત સાથે ધાનેરા પોલીસ સ્ટેશનમાં નોંધ જરૂરી છે. કોઈપણ રીક્ષા દ્વારા બનાવ બને તો પોલીસમાં નોંધાયેલ રીક્ષાના નંબરો દ્વારા તપાસ થઈ શકે છે. તેમજ અનેક રીક્ષાચાલકો રાત્રીમાં દારૂ જેવા પદાર્થો સાથે હેરાફેરી કરતા લોકો દ્વારા જાણવા મળેલ છે. માટે ધાનેરા પોલીસતંત્ર રીક્ષાચાલકોની દરેક માહિતી પોલીસ રેકર્ડે નોંધ થાય તે જરૂરી છે અને લાયસન્સ વગરના રીક્ષાચાલકો પર લાલ આંખ કરે અને કાયદો વ્યવસ્થા જળવાય તેવુ લોકોનું માનવું છે.

# શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ સંકુલ ખાતે પંચરત્ન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૩૧
મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયા પાસે



આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ દ્વારા સમાજ સંકુલ ખાતે પંચરત્ન કાર્યક્રમ યોજાયો.

શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંચાલિત શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા સમાજ સંકુલ ખાતે પંચરત્ન કાર્યક્મો યોજાયા હતાં. જેમાં સમાજ દ્વારા સચીનભાઈની આગેવાની હેઠળ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં બાવીસ ગામોમાંથી ૩૨૫ જેટલાં દર્દીઓએ ડાંકટરી સેવાનો લાભ લીધો હતો જ્યારે મુખ્ય દાંતા સુરેશભાઈ લક્ષ્મણભાઈ રાવલના હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું જયારે ક્રિકેટ ટૂનામેન્ટ વિજેતા ટીમ અને રનર્સઅપ ટીમને ટ્રોફી દાંતા સ્વ. રાવલ રમણલાલ જેઠાલાલ વિજાપુર વાળા સુરેશભાઈના હસ્તે ટ્રોફી આપવામાં



આવી હતી. જયારે ૨૪ ટીમના ખેલાડીઓને સીડની ખાતે રહેતા રાવલ પરીવાર દ્વારા શીલ્ડ આપવામાં આવ્યાં હતાં જયારે ભવનના મુખ્ય દાંતા સુરેશભાઈ લક્ષ્મણભાઈ રાવલનું સમાજ દ્વારા શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે સમાજના પ્રમુખ સંજયભાઈ રાવલ, શિવશક્તિ સેવામંડળના ચેરમેન સુરેશભાઈ રાવલ, મનુભાઈ રાવલ, આશિષભાઈ રાવલ, સુનિલભાઈ રાવલ, યોગેશભાઈ રાવલ, દિપકભાઈ રાવલ, ચીમનભાઈ રાવલ, જયશંકરભાઈ રાવલ, સમાજના મંત્રી હિતેન્દ્રભાઈ, શિવશક્તિ મંડળના વાઈસ ચેરમેન ગુણવંતભાઈ, નરહરિભાઈ રાવલ, સહિત સમાજના હોદ્દેદારો આગેવાનો કારોબારી સભ્યો અને શિવશક્તિ સેવા મંડળના ટ્રસ્ટીઓ કો. ટ્રસ્ટીઓ સહિત બાવીસ ગામમાંથી રાવલ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિનુભાઈ રાવલ તથા મહેશભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારાનો ટોબેકો દિન નિમિત્તે કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૩૧
ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને કોટેઝ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે નો ટોબેકો દિન નિમિત્તે જન જાગૃતી સંદર્ભે કાર્યક્રમ યોજાયો હતો. કોટેઝ હોસ્પિટલ ઈન. અધિક્ષક ડાં. દિનેશભાઈ ડામોર, ડાં.સંગીતાબેન મેકવાન, ડાં.નેહાબેન શેઠ, ડાં.સેજલબેન નિનામા, ડાં.દિનેશભાઈ ચૌધરી, જયંતીભાઈ શર્મા, હબીબભાઈ મનસુરી, નર્સિંગ સ્ટાફ પરીવાર અને ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ, મંત્રી ચંદ્રકાંતભાઈ પટેલ, ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતી, હર્ષદભાઈ સોની, રામઅવતાર શર્મા, મુકેશભાઈ પંચાલ, બિપીનભાઈ પ્રજાપતી, નરેશભાઈ પંચાલ સહિત હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. કોટેઝ હોસ્પિટલ ઈન.અધિક્ષક ડાં. દિનેશભાઈ ડામોરએ તમાકુની આડ અસરો અને વિવિધ રોગો સંદર્ભે માહિતગાર કર્યા હતા. ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા અને કોટેઝ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે નો ટોબેકો દિન નિમિત્તે જન જાગૃતિ સંદર્ભે કાર્યક્રમો યોજાયા હતા.

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાનો મેગા જોબફેર રોજગાર મેળો યોજાયો

હિંમતનગર, તા. ૩૧
જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સાબરકાંઠા, હિંમતનગર અને અરવલ્લી, મોડાસા દ્વારા આજ રોજ ગ્રોમોર ગ્રૃપ ઓફ ઈસ્ટીટયુશન, બેરણા, તા. હિંમતનગર ખાતે રોજગાર ભરતી મેળો જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપની અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો.

કલેકટરે વધુમાં જણાવ્યું હતું કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે માટે રાજય સરકાર હંમેશાં પ્રયત્નશીલ રહે છે જેના ભાગરૂપે આ મેગા જોબફેર રોજગાર ભરતીમેળાનું આયોજન આવ્યું તેમ કલેકટરે જણાવ્યું હતું. પરંતુ વધુ તેઓને માહિતી આપતા કહ્યુ હતું કે આ મેગા જોબફેર મેળા અંતર્ગત કસ્ટ્રમર કેર એકઝીક્યુટીવ, લાઈન ઓપરેટર, કોમ્પ્યુટર ઓપરેટર, કન્સકટ્રન ટેકનીશિયન, હેલ્પર, સુપરવાઈઝર, સિકયોરીટી ગાર્ડ, મેનેજર, સેલ્સ એકઝીકયુટીવ, માર્કેટીંગ એકઝીકયુટીવ, હાઉસ કીપર, હેલ્પર, જેવી વિવિધ જગ્યાઓ માટે ઈન્ટરવ્યુ આપી શકશે. ઈચ્છુક ઉમેદવારોને એક મંચ પર એકત્રિત કરીને રાજય સરકાર દ્વારા રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારી પુરી પાડવા કટિબધ્ધ છે.



આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીએ સાબરકાંઠા અને મોડાસાના સ્કીલ ડેવલપમેન્ટ ધરાવતા ઉમેદવારોએ ઔધોગિક તેમજ આનુસંગિક ક્ષેત્રોનાં વિકાસનાં પરિણામની વિપુલ પ્રમાણમાં રોજગારીનું નિર્માણ થયું છે. રાજય સરકારની રોજગાર કચેરીઓ દ્વારા રાજયનાં રોજગાર ઈચ્છુક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે નોકરીદાતા અને રોજગાર રિલાયન્સ ફોન્ડેશનના સહયોગથી સાબરકાંઠા જિલ્લાના ૮ હજાર જેટલા ઉમેદવારોને ટેક્ષ એસએમએસ દ્વારા જાણ કરાવામાં આવી હતી. આ મેગા જોબફેર મેળાની સારી સફળતા ગણાવતા જિલ્લા રોજગાર અધિકાર આઈ.આર. મલેકે વિગતો આપતાં જણાવ્યું હતું કે આ જોબ મેળામાં ૩૧૦૦થી વધુ રોજગાર વાચ્છુઓ ઉપસ્થિત રહયા હતા.